# સળગતા ઘરમાં ભાંગરડાઓની ભેરુ મધુ

– અભિ શાહ

ભારતના પૂર્વ છેડા ઉપર નાનકડું એવું રાજ્ય છે – સિક્કિમ. આ સિક્કિમનો વિસ્તાર આપણા ગુજરાતના ૨૭માં ભાગ જેટલો છે અને વસતિ જોઈએ તો આપણા ૧૦૦મા ભાગ જેટલી જ ! ગુજરાતમાં ગુજરાતી બોલી છે તો સિક્કિમમાં લેપચા નામે બોલી બોલાય.

આ સિક્કિમ રાજ્યના નાનકડા ગામ દરપમાં એક ૧૪ વરસની છોકરી રહે. તેનું નામ મધુબાલા. આ વાત ૧૯૮૯ની છે. મધુબાલાના પપ્પાનું નામ ભીમ બહાદુર છેત્રી અને માતાનું નામ ગોરમાયા. મધુ ત્યારે ધો. ૮માં ભણે. તેના સાત ભાંડરડા સાથે એક ઘરમાં રહેતી હતી.

કુટુંબમાં આ આઠ ભાંડરડા સંપીને રહે. મધુબેન સૌથી મોટી એટલે મા–બાપ બહાર જાય ત્યારે ભાઈ–બહેનોને સાચવવાનું કામ મધુનું રહે.

૨૩ ઓગસ્ટનો દિવસ હતો. સવારના અગિયાર વાગ્યા હતા. ત્યારે મમ્મી–પપ્પા કાંઈક બહાર ગયા હતા અને ઘરમાં અચાનક આગ લાગી. જુદી જુદી ત્રણ ચાર ઓરડીઓની અંદર આ બધા ભાઈબહેનો પોતપોતાની પ્રવૃત્તિમાં મસ્ત હતા. કોઈક વાંચતું હતું તો કોઈક રમતું હતું. સૌથી નાની બહેન ઘોડિયામાં સૂતી હતી.

મધુને ખબર હતી કે ઘરમાં ઘણી કિંમતી ચીજવસ્તુઓ ખોખામાં બંધ કરીને રાખી હતી. અચાનક આગે જ્યારે આખા ઘરને લપેટમાં લીધું ત્યારે મધુ સાથેના ભાંડરડા ચીસો પાડી રોવા લાગ્યા. મધુએ જોયું તો ખ્યાલ આવ્યો કે જો થોડીવાર લાગે તો આખુ ઘર બળીને ભસ્મ થઈ જશે, એટલે તે જરાયે ગભરાયા વિના દોડાદોડી કરીને પાંચ ભાઈ–બહેનોને બચાવી શકી. બીજી રૂમમાં રહી ગયેલા બે ભાઈ–બહેનોને આગ ઓહિયો કરી ગઈ. આજુબાજુથી દોડીદોડીને લોકો આવ્યા. ત્યાં સુધીમાં બહાદુર મધુ પાંચ ભાઈ બહેન તથા પાંચ મોટા ખોખા બહાર કાઢી શકી હતી. એકલી મધુએ આ પરાક્રમ કર્યું હતું.

ઓચિંતા લાગેલી આગથી મધુ હિંમત ન હારતા ફટાફટ કામે લાગી ગઈ હતી. છઠ્ઠા બાળકને બચાવવા અંદર ગઈ ત્યાં ઉપરથી એક સળગતું લાકડું પડતા તે ખૂબજ દાઝીને બેહોશ થઈ ગઈ. લોકો ઘણા ભેગા થયા હોવા છતાં મધુને મદદ માટે બહુ ઓછા લોકો આવ્યા.



મધુ જ્યારે હોસ્પિટલમાં ભાનમાં આવી ત્યારે તેના બે લાડકા ભાઈ–બહેન આગમાં ગુજરી ગયા હતા. તેમ છતાં પાંચને બચાવવાથી તેના મનમાં સંતોષ થયો હતો.

મધુને ભણવાનો ખૂબ આનંદ આવે છે. મોટી થઈને મધુ ડૉક્ટર બની ગરીબોની સેવા કરવાનું સપનું સેવે છે. ૧૯૯૦માં રાષ્ટ્રપતિના હાથે મધુને બહાદુરી માટે ગીતા ચોપરા પુરસ્કાર આપવામાં આવ્યો.

■